વડોદરા નવરાત્રિ ફેસ્ટિવલ, નવલખી મેદાન

# કુમકુમના પગલાં પડ્યાં, માડીના હેત ઢળ્યાં



વડોદરા નવરાત્રિ ફેસ્ટિવલ, નવલખી મેદાન



નવશક્તિ, સમા



ખોડલધામ,છાણી



## આજે પોલો ગ્રાઉન્ડ ખાતે રાવણ, કુંભકર્ણ અને મેઘનાથના પુતળા કરાશે એસેમ્બલ

વડોદરા:વિજયાદશમી નિમિત્તે ઉત્તર ભારત સાંસ્કૃતિક સંઘ દ્વારા ઐતિહાસિક પોલો ગ્રાઉન્ડ ખાતે 46મા ભવ્ય શ્રી રામલીલા અને રાવણ દહન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. 20 ઓક્ટોબરે યોજાનારા આ કાર્યક્રમને લઈને સંસ્થાના પદાધિકારીઓએ પ્રેસ કોન્ફરન્સ યોજી વિગતો આપી હતી.



સંસ્થાના અધ્યક્ષ પ્રવીણ ગુપ્તા અને મહામંત્રી એ.કે. મિશ્રાએ જણાવ્યું હતું કે, છેલ્લા 45 વર્ષથી રામલીલાની પરંપરા જાળવી રાખવામાં આવી છે. આ વર્ષે 45 ફૂટ ઊંચા કુંભકર્ણ અને મેઘનાદ તથા 50 ફૂટથી વધુ ઊંચા રાવણનાં પૂતળાં જી.આઈ.ડી.સી.થી પોલો ગ્રાઉન્ડ ખાતે લાવી તૈયાર કરવામાં આવશે. રામલીલામાં પાંચ વર્ષનાં બાળકો સહિત 80 વર્ષ સુધીના અંદાજે 122 કલાકારો ભાગ લઈ રહ્યા છે. કલાકારો છેલ્લા એક મહિનાથી દરરોજ અઢીથી ત્રણ કલાક રિહર્સલ કરી રહ્યા છે. આ વર્ષની રામલીલાની મુખ્ય થીમ 'અહંકાર પર વિજય' છે. ભગવાન શ્રીરામના જીવન અને ત્યાગ દ્વારા વિનમ્રતા, સંસ્કાર તથા સદાચારનો સંદેશ આપવામાં આવશે. આયોજકોએ શહેરના નાગરિકોને રામલીલા અને રાવણ દહનના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું છે.

## શરદપૂર્ણિમાની રાત્રે 'સપ્તમ યુવક મંડળ' દ્વારા રાસ ગરબાનો ભવ્ય કાર્યક્રમ

વડોદરા : શરદપૂર્ણિમાના પાવન અવસરે સપ્તમ યુવક મંડળ દ્વારા રવિવાર, તા. ૨૫ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ રાસ ગરબાના ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. શરદપૂર્ણિમાની શીતળ ચાંદનીમાં પરંપરાગત રાસ ગરબાની રમઝટ સાથે ઉત્સવનો આનંદ માણવા માટે આયોજકો દ્વારા ખાસ તૈયારીઓ કરવામાં આવી છે. આ કાર્યક્રમ રાત્રે ૯થી ૧૨:૩૦ વાગ્યા સુધી યોજાશે. કાર્યક્રમમાં લાઇવ ગરબા તથા આતાલાપ કલા વૃંદ ગ્રુપ દ્વારા સંગીતમય પ્રસ્તુતિ કરવામાં આવશે. ગરબા રસિકો પરંપરાગત તાલે ગરબાની રમઝટ બોલાવી શકશે. કાર્યક્રમમાં ભાગ લેનાર ખેલૈયાઓ માટે વિશેષ આકર્ષણરૂપે વિજેતાઓને આકર્ષક ઈનામો આપવામાં આવશે. આયોજકો દ્વારા ધ્યેયાન રેસિડન્સી, સિદ્ધેશ્વર હેરિટેજ, ટેમ્પલ વ્યૂ, મધુવન ક્લબ લાઈફ, બ્લુ ઓશન, અમરદીપ હાઈટ્સ અને સિદ્ધેશ્વર હોલીનેસ સહિતના આયોજકોના સહયોગથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સપ્તમ યુવક મંડળે ગરબા પ્રેમીઓને સંપૂર્ણ ઉત્સાહ સાથે ઉપસ્થિત રહી પરંપરાગત રાસ ગરબાનો આનંદ માણવા આમંત્રણ પાઠવ્યું છે. કાર્યક્રમની વિગતો૨૫ ઓક્ટોબર, ૨૦૨૬, રવિવારરાત્રે ૯થી ૧૨:૩૦ વાગ્યા સુધી આયોજક સપ્તમ યુવક મંડળ તેમજ મુખ્ય આકર્ષણ લાઈવ ગરબા, આતાલાપ કલા વૃંદ ગ્રુપ અને વિજેતાઓ માટે આકર્ષક ઈનામો





શ્રી નવશક્તિ ગરબા, સમા





મા શક્તિ ગરબા, ગોત્રી



મા શક્તિ ગરબા, ગોત્રી



અલૈયા બલૈયા,માંજલપુર

## અમેરિકાના હ્યુસ્ટન, ટેક્સાસમાં ગુજરાતી પરંપરાગત ભવ્ય ગરબા મહોત્સવ યોજાયો



હ્યુસ્ટન, ટેક્સાસ : સનાતન શિવ શક્તિ મંદિર દ્વારા ભવ્ય ગુજરાતી પરંપરાગત ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. મહોત્સવમાં ગુજરાતી સંસ્કૃતિ, પરંપરા અને વારસાની યાદગાર ઉજવણી માટે લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નાનાં બાળકોથી લઈને યુવાનો, પુખ્ત વયના લોકો અને વડીલો સુધીના તમામ વયજૂથના સહભાગીઓએ પરંપરાગત ગરબામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઉજવણીમાં પરંપરા અને સંસ્કૃતિની ભાવના સુંદર રીતે ઝળકી ઊઠી હતી. કાર્યક્રમ ગુજરાતી લોકપરંપરાઓની સમૃદ્ધિ, ભક્તિભાવ અને એક પેઢીથી બીજી પેઢી સુધી સાંસ્કૃતિક મૂલ્યોનું જતન કરવાના મહત્ત્વને સુંદર રીતે ઉજાગર કરતો હતો. ઉજવણીમાં અંદાજે 1500 લોકો જોડાયા હતા જેમાં વિશેષ આકર્ષણરૂપે અંદાજે ૫૦થી ૭૦ સહભાગીઓએ પરંપરાગત ગુજરાતી પોશાક ધારણ કર્યા હતા. વિવિધ વયજૂથના લોકોના સુંદર અને સુમેળભર્યા પરંપરાગત વસ્ત્રોએ કાર્યક્રમની શોભામાં વધારો કર્યો હતો. રંગબેરંગી પોશાક અને તાલબદ્ધ ગરબાએ સમગ્ર વાતાવરણને ઉત્સવમય બનાવી દીધું હતું અને ભારતીય સાંસ્કૃતિક વારસાની સુંદરતાને ઉજાગર કરી હતી. મહોત્સવ એનું સુંદર ઉદાહરણ બન્યો કે સાંસ્કૃતિક ઉજવણીઓ સમાજને એકસાથે લાવે છે, વિવિધ પેઢીઓ વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવે છે અને ગુજરાતની અમૂલ્ય પરંપરાઓને હ્યુસ્ટન, ટેક્સાસમાં જીવંત રાખવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.